ગૌચરની જમીનની જાળવણી બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર.ક્રમાંક: જમન-૧૬૮૭-૩૭૦૯૮-ગ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૩૦-૧૨-૧૯૮૮.

પ રિ પ ત્ર

સરકારે નક્કી કરેલા પ્રવર્તમાન ધોરણો અનુસાર ગામે દર ૧૦૦ ઢોર માટે ૪૦ એકર (૧૬ હેકટર) ગૌચરની જમીન (જંગલ વિસ્તારની જમીન હોય તો દર ૧૦૦ ઢોર માટે ૨૦ એકર (૮ હેકટર) ગૌચરની જમીન ઉપલબ્ધ હોવી જોઈએ. જેથી ઢોરોનો નિભાવ સરળતાથી થઈ શકે. એક યા બીજા જાહેર હેતુસર જમીનની જરૂરિયાત દિન-પ્રતિદિન વધવાથી અન્ય પ્રકારની સરકારી જમીનોની સાથે સાથે ગૌચરની જમીનનું પ્રમાણ પણ ઘટતું જોવા મળે છે. પરિણામે ગામે ઢોરોના નિભાવ માટે ઘાસચારાનો પ્રશ્ન સમસ્યારુપ બનતો જાય છે. તેથી સરકારનો પ્રયાસ એવો રહયો છે કે ગામે ઢોરોના નિભાવ માટે જરુર જેટલી ગૌચરની જમીનનું પ્રમાણ શકય હોય ત્યાં સુધી જળવાઈ રહે.

૨. જમીનના મર્યાદિત જથ્થાને લીધે તથા કેટલાંક કિસ્સાઓમાં અમુક સંજોગોમાં સરકારે એક યા બીજા હેતુસર ગૌચરની જમીન ફાળવવાનું યોગ્ય જણાય ત્યારે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૯૬(૪) ની જોગવાઈ મુજબ પંચાયતને સંપ્રાપ્ત ગૌચરની જમીન સહિત અન્ય પ્રકારની જમીન સરકાર જાહેર હેતુ માટે પરત લઈ શકે છે. કારણ કે જાહેર હેતુ માટે ગૌચરની જમીન પરત લેવાથી તેનો ફાયદો ગામ સમસ્તને મળે છે. તેમ છતાં અનુભવે જણાયું છે કે જાહેર હિત માટે ગૌચરની જમીન સરકાર પરત લેવામાં આવે ત્યારે કયારેક

સ્થાનિક વિરોધ સામે કાયદો અને વ્યવસ્થાના ગંભીર પ્રશ્નો ઊભા કરે છે.

૩. ઉપર્યુક્ત સમગ્ર પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં રાજ્યમાં જ્યાં જ્યાં ગૌચરની જમીનનું પ્રમાણ ઓછું છે ત્યાં ગૌચરને વધારે ઓછું ન થાય અને ગૌચર જમીન જાહેર હેતુસર સરકાર હસ્તક પરત લેવાનું જરૂરી જણાય ત્યારે બને ત્યાં સુધી કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો નિવારી શકાય તે જોતાં નીચે દર્શાવ્યા મુજબની સૂચનાઓ ધ્યાનમાં લેવા સર્વે જીલ્લા કલેકટરોને આજ્ઞાનુસાર વિનંતી કરવામાં આવે છે.

(અ) જ્યાં ધોરણ કરતાં ગૌચરની જમીન ઓછી હોય ત્યાં તે ગામની ગૌચરની જમીન ગૌચર હેતુથી કમી કરી બીજા ઉપયોગમાં લેવી નહી.

(બ) ઉપર(અ) માં જણાવેલા સિદ્ધાંતના અપવાદરૂપ ફકત જ્યારે જમીન જાહેર ઉપયોગમાં જરૂર હોય ત્યારે જ જમીન પરત લેવાની કાર્યવાહી કરવી. તેમાં પણ સ્થાનિક સ્વરાજ સંસ્થાનો વિરોધ થતો હોય ત્યાં શકય હોય ત્યાં સુધી ગૌચરની જમીન સરકાર હસ્તક પરત લેવાની કાર્યવાહી ટાળવી, સિવાય કે વિરોધ ઉપજાવી કાઢેલો અને વજુદ વગરનો જણાય.

૪. ઉપર્યુક્ત સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા સર્વે તાલુકા મામલતદાર, પ્રાંત અધિકારીઓ તથા જીલ્લા કલેકટરોને આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

સહી/-

(દિલીપ ચંદુલાલ)
સરકારના ઉપ સચિવ,
મહેસૂલ વિભાગ.

પ્રતિ,

- સર્વે કલેકટરશ્રી